મુંબઈ સમાચાર
મુંબઈ, મંગળવાર, તા. ૭-૨-૨૦૧૨

# પ્રમુખીય લોકશાહી

## દ્વિપક્ષીય પ્રદ્ધતિને પ્રોત્સાહન

ફોકસ

જશવંત બી. મહેતા
jashwant@theemerald.com

**અમેરિકન** લોકશાહીમાં પક્ષ પદ્ધતિને પ્રોત્સાહન ન મળવા છતાં, એક થોડું નવાઇ લાગે તેવું સત્ય એ છે કે વખત જતાં જ્યાં તંદુરસ્ત કહી શકાય તેવી દ્વિપક્ષીય પદ્ધતિ સ્થાપિત થવા પામી છે. અમેરિકાની પ્રમુખ પદ્ધતિની ચૂંટણીઓનો અભ્યાસ સૂચવે છે કે એમાં નાનકડા પક્ષોના ઉદ્‌ભવને અનુમોદન કે પ્રોત્સાહન મળતું નથી. આનું મુખ્ય કારણ ચૂંટણીનાં પરિણામો પર નાના પક્ષો કે જૂથોની ખાસ કંઇ અસર થતી નથી. છેલ્લાં દોઢસો વર્ષોથી ત્યાં રિપબ્લિક અને ડેમોક્રેટિક એ બે મુખ્ય પક્ષોનું અસ્તિત્વ છે પણ વખતોવખત ત્યાં નવા પક્ષોનું સર્જન થતું રહે છે, પરંતુ પ્રમુખ ચૂંટણીનાં પરિણામો પર આવા નવા સર્જાયેલા પક્ષો કે જૂથોની ખાસ અસર થતી નથી. સમય જતાં નાના નાના પક્ષોનું કાં તો વિસર્જન થઇ જાય છે અથવા મુખ્ય રાજકીય પક્ષોમાં તેઓ જોડાઇ જાય છે. દા.ત. ૧૯૬૮માં અલ્બામાં રાજ્યના ગવર્નર જ્યોર્જ વોલેસે (જેઓ રંગભેદની નીતિના પ્રોત્સાહન હતા) ડેમોક્રેટિક પક્ષમાંથી છૂટા પડી અમેરિકન સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી, પક્ષ વતી પ્રમુખપદના ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા. તેમને કુલ મતદાનના ૧૩.૫૯ ટકા મળ્યા હતા. પણ પ્રમુખ તરીકે ચૂંટાવા માટે, બહુમતી મેળવવા માટે આ ટકાવારી ઘણી ઓછી હતી. ચાર વર્ષ પછી યોજાયેલી બીજી ચૂંટણીમાં તો જ્યોર્જ વોલેસના આ પક્ષનું અસ્તિત્વ સુદ્ધાં મટી ચૂક્યું હતું. ૧૯૮૦માં જ્યોર્જ એન્ડરસને રિપબ્લિક પક્ષમાંથી છુટા પડી એક નવો પક્ષ સ્થાપી એ પક્ષના ઉમેદવાર તરીકે પ્રમુખની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. તેમને કુલ મતના માત્ર ૬.૬ ટકા મત મળ્યા હતા. આ ટકાવારીની ચૂંટણીનાં પરિણામો પર ખાસ અસર નહીં થતા એન્ડરસને પોતે જ ૧૯૮૪ની ચૂંટણી પહેલા આ પક્ષનું વિસર્જન કરી પોતાના ટેકેદારોને ડેમોક્રેટિક પક્ષના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી.

અમેરિકાની આવી પરિસ્થિતિની આપણા દેશ સાથે સરખામણી કરીએ તો આપણે જોશું કે કુલ મતની નજીવી ટકાવારી મત મેળવનારો નાનકડો પક્ષ પણ આપણી પદ્ધતિમાં ચૂંટણી પછી 'કિંગમેકર'ની ભૂમિકા હુકમના પત્તાની ભૂમિકા ભજવી શકે છે. આથી નાના પક્ષોના અસ્તિત્વને આપણી પદ્ધતિમાં પ્રોત્સાહન મળે છે અને સરવાળે આવા પક્ષોના સર્જનને અનુમોદન પણ મળે છે. આના અનેક ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. આંખે વળગે તેવું ૧૯૯૯નું ઉદાહરણ શ્રીમતી જયલલિતાનું કહી શકાય. તેમનો અન્ના દ્રમુક પક્ષ ૫૪૨ સભ્યોની લોકસભામાં માત્ર ૧૮ સભ્યો ધરાવતો હતો. ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો કુલ સભ્યોના માત્ર ૩.૫ ટકાથી પણ ઓછા સભ્યો હતા. તેમ છતાં શ્રીમતી જયલલિતા વાજપાયીની મિશ્ર સરકારના એક વર્ષનાં સમયગાળામાં કિંગમેકરની ભૂમિકા ભજવતાં રહ્યાં અને મરજીમાં આવે તેવી શરતો રજૂ કરતાં રહ્યા, અને છેવટે તેમણે સરકારને ગબડાવવામાં પણ સફળતા મેળવી. પ્રમુખશાહી સ્વરૂપની સરકારમાં બહુપક્ષીય પદ્ધતિને પ્રોત્સાહન નથી મળતું. એના અન્ય સફળ ઉદાહરણમાં ફ્રાંસનો દાખલો લઇ શકાય. ૧૯૪૬-૫૮ના સમયગાળામાં સંસદીય સ્વરૂપની સરકાર ત્યાં હતી અને આપણી જેમ ફ્રાંસની પ્રજાએ પણ સતત અસ્થિર સરકારોના સાક્ષી બનવું પડ્યું હતું. ત્યાં સતત નવા પક્ષો રચતા રહેતા અને હયાત પક્ષોમાં ભંગાણ પડતા રહેતા હતા. વિસ્તારમાં આપણા કરતા ઘણા નાના એવા ફ્રાંસમાં ૧૪ રાજકીય પક્ષો હતા. અને આ બાર વર્ષ દરમિયાન ત્યાં ૨૬ સરકારો રચાઇ હતી. ૧૯૫૮માં લોકમત દ્વારા ફ્રાંસે પ્રમુખશાહી સરકારની પદ્ધતિ અપનાવ્યા બાદ દેશને સ્થિર સરકાર તો મળી પણ સાથે સાથે રાજકીય પક્ષોની સંખ્યામાં સતત ઘટાડો થતો રહ્યો છે. અગાઉના ૧૪ પક્ષોની સરખામણીએ હવે ત્યાં માત્ર ચાર જ મુખ્ય પક્ષો રહ્યા છે અને તે પણ ડાબેરી અને જમણેરી એમ બે મોટી યુતિમાં પરિવર્તિત થઇ ગયા છે. આમ, બહુધા તંદુરસ્ત કહી શકાય તેવી દ્વિપક્ષીય પદ્ધતિ સ્થાપિત થઇ છે.

(લેખક વ્યવસાયે આર્કિટેક્ટ, કન્સલ્ટિંગ એન્જિનિયર અને રજિ. વેલ્યુઅર છે.)

(ક્રમશઃ) ■